 Dandiya Bazar

વેચાણ દસ્તાવેજ રૂ. /-

(અંકે રૂપિયા પુરાનો)

આજ રોજ સંવત ૨૦૭૩ ના ને તા. / /૨૦૧૭ ને વાર

નારોજ આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર ,

ઉ.વ.આ. , ધંધો- , પાનકાર્ડ નં. રહે-

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ **લેનાર પહેલા પક્ષવાળા** એ રીતે સંબોધેલા છે જેમના અર્થમાં તેમના વંશ વાલી વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થયેલો છે તેમ ગણાશે.)

જત આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર રીષીરાજ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી (પાનકાર્ડ નં.)ના ભાગીદાર અને વહીવટકર્તા દિપક પ્રવિણચંદ્ર અંબાણી, ઉ.વ.પુખ્ત,ધંધો.વેપાર રહે. ૨૦૪, સાગરિકા એપાર્ટમેન્ટ, કેનેરા કોફી હાઉસ સામે, દાંડીયા બજાર, વડોદરા (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **વેચાણ આપનાર બીજા પક્ષવાળા** એ રીતે સંબોધેલા છે જેમના અર્થમાં તેમના વંશવાલીવારસો,

Scanned by CamScanner

એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થયેલો છે તેમ ગણાશે.) જત આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર પહેલા પક્ષવાળાને આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ કેઃ-

૧. મોજે.બાબાજીપુરાના વિભાગ-બી, ટીકા નં.૩/૩, સીટી સર્વે નં.૧૦૧/૨, ૧૦૧/૩,૧૦૧/૪, ૧૦૧/૫, ૧૦૧/૬, ૧૦૧/૭, ૧૦૧/૮,૧૦૧/૯,૧૦૧/૧૦,૧૦૧/૧૬,૧૦૧/૨૨,૧૦૧/૨૩,૧૦૧/૨૪, ૧૦૧/૨૫, ૧૦૧/૨૬ ૧૦૧/૨૭, ૧૦૧/૨૯, ૧૦૧/૩૧, ૧૦૧/૩૨, ૧૦૧/૫૨, ૧૦૧/૫૩ , ૧૦૧/૫૪, ૧૦૧/૫૭, ૧૦૧/૭૩, ૧૦૧/૭૪ પૈકી કુલ ૨૫ યુનિટ આવેલા છે તેનું ભેગુ ક્ષેત્રફળ ૨૨૬૭-૯૬-૮૩ ચો.મી.વાળી ખુલ્લો પ્લોટ આવેલ છે. સદર મિલકતના મુળ માલિક મૈયત ગંગાબેન રામદાસ પટેલના વારસદારો પાસેથી તા.૧૩/૫/૨૦૧૪ નારોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૫૫૩ થી દુલારી કંન્સ્ટ્રકશન એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર અને વહીવટકર્તા હિતેષ પ્રવિણચંદ્ર શાહ નાઓએ વેચાણ રાખેલ છે. દુલારી કંન્સ્ટ્રકશન એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર અને વહીવટકર્તા હિતેષ પ્રવિણચંદ્ર શાહ નાઓએ અમો પહેલા પક્ષવાળાને રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૨૩૩ થી તા.૧૬/૫/૧૬ નારોજ વેચાણ આપેલ છે. આમ,સદર જમીન અમો લખી આપનાર બીજા

Scanned by CamScanner

પક્ષવાળાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની છે. જેની ઉપર અમારા સિવાય બીજા કોઇનો લાગભાગ, હક્ક, હિત, સંબંધ નથી.

૨. સદર મોજે.બાબાજીપુરાના વિભાગ-બી, ટીકા નં. ૩/૩, સીટી સર્વે નં.૧૦૧/૨, ૧૦૧/૩,૧૦૧/૪, ૧૦૧/૫, ૧૦૧/૬, ૧૦૧/૭, ૧૦૧/૮,૧૦૧/૯,૧૦૧/૧૦,૧૦૧/૧૬,૧૦૧/૨૨,૧૦૧/૨૩,૧૦૧/૨૪, ૧૦૧/૨૫, ૧૦૧/૨૬ ૧૦૧/૨૭, ૧૦૧/૨૯, ૧૦૧/૩૧, ૧૦૧/૩૨, ૧૦૧/૫૨, ૧૦૧/૫૩ , ૧૦૧/૫૪, ૧૦૧/૫૭, ૧૦૧/૭૩, ૧૦૧/૭૪પૈકી કુલ ૨૫ યુનિટ આવેલા છે તેનું ભેગુ ક્ષેત્રફળ ૨૨૬૭-૯૬-૮૩ ચો.મી.વાળો ખુલ્લો પ્લોટ વાળી જમીન અંગે વડોદરા મ્યુ કોરર્પોરેશનએ રજાચીઠ્ઠી નં.વોર્ડ/ /એલ–/ તા. થી નકશા મંજુર કરી બાંધકામ કરવા માટે પરવાનગી આપેલ અને તે મુજબ અમો બીજા પક્ષવાળાએ તેમાં **“MOBILE SQUARE”** એ નામથી દુકાનો તથા રહેણાંકના એપાર્ટમેન્ટનું બાંધકામ કરેલ છે. સદરહું મિલકતમાં લે-આઉટ પ્લાન, એલિવેશનમાં ફેરફાર કરવાનો હક્ક અમો બીજા પક્ષવાળાનો રહેશે અને તેમાં તમો લખી લેનાર બીજા પક્ષવાળાએ કોઇ તકરાર,વાંધો, વિરોધ કરવાની રહેશે નહિ.

Scanned by CamScanner

૩.સદર જમીનમાં બાંધવામાં આવેલ **"MOBILE SQUARE"** એ નામની ઇમારતમાં .....ફ્લોર પર આવેલ ફ્લેટ/દુકાન નં...... જેનું ક્ષેત્રફળ ....ચો.ફુટ. બીલ્ટઅપ વાળી મિલકત તે આ વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ આપેલ છે.જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમા આ વેચાણ દસ્તાવેજવાળી મિલ્કત એ રીતે સંબોધેલ છે.

૪. સદરહું આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલ્કત અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળાએ તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાને રૂ............/-(અંકે રૂપિયા ....પુરામા) માં આજરોજ વેચાણ આપેલી છે અને સદરહું વેચાણના અવેજની રકમ રૂ.........../-(અંકે રૂપિયા .... પુરા) અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળાને તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળા તરફથી નીચેની વિગતે ચુકતે મળેલ છે.

<u>વેચાણના અવેજની રકમની વિગત</u>

રૂ.

____

રૂ. /-(અંકે રૂપિયા પુરા)

Scanned by CamScanner

ઉપરોક્ત રીતે વેચાણ લેનાર પહેલા પક્ષવાળા તરફથી ઉપરોક્ત જણાવેલ અવેજની પુરેપુરી રકમ ચુકતે મળી ગયેલ છે અને તેના બદલામાં આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની વિગત અને વર્ણન વાળી મિલ્કત અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળાએ તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાને વેચાણ આપી તમારા માલીકી હકકે પ્રત્યક્ષ કબજે સોપેલ છે.

૫. આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેની મિલ્કત અમો વેચાણ આપનારની સ્વતંત્ર માલકી કબજા ભોગવટાની છે જેના ઉપર ફકત અમો વેચાણ આપનાર સિવાય બીજા કોઈનો હકક હીત સંબંધ રહેલો નથી કે તેની ઉપર કોઈનો ભરણ પોષણનો કે ઈતર કોઈ હકક રહેલો નથી કે તે કોઈ જપ્તી કે વિક્રીને પાત્ર નથી કે તે કોઈને ગીરો બક્ષીશ કે વેચાણ કે વેચાણના બાનાખતમાં કે ઈતર કોઈ બીજા કરારથી લખી આપેલી નથી તથા સદર મિલ્કત ઉપર સરકારી, અર્ધ સરકારી કે સ્થાનીક કચેરી કે અન્ય કોઈ સંસ્થા કે પેઢીનો બોજો નથી સદર મિલ્કત અંગે સીવીલ કોર્ટ કે ફોજદારી કે બોર્ડ ઓફ નોમિની કોર્ટમાં તથા રેવન્યુ કોર્ટમાં કોઈ કેસો ચાલુ નથી કે તેવા કોઈ કેસો થયેલા નથી. તેમજ સદર મિલ્કત સરકારી, અર્ધ સરકારી કે સ્થાનીક કચેરીઓ કે કોઈ વ્યકતીઓ ધ્વારા સંપાદન કરવામાં આવેલ નથી કે તેવી કચેરીઓનુ કે સોસાયટીનું

Scanned by CamScanner

સદર મિલ્કત અંગે કોઈ લેણું બાકી પડતું નથી આમ સદર મિલ્કત સંપુર્ણ ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી છે તેવો તમોને પાકો ભરોસો આપેલો છે. તેમ છતાં જો કોઈ વ્યકતી હરકત કરતુ આવશે તો તે અંગેની સઘળી જવાબદારી અમો વેચાણ આપનારની રહેશે અને તે અમો અમારા ખર્ચે અને જોખમે વેચાણ લેનારને દુર કરાવી આપીશુ .

૬. **પરિશિષ્ટ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે.બાબાજીપુરાના વિભાગ-બી, ટીકા નં.૩/૩, સીટી સર્વે નં.૧૦૧/૨, ૧૦૧/૩,૧૦૧/૪, ૧૦૧/૫, ૧૦૧/૬, ૧૦૧/૭, ૧૦૧/૮,૧૦૧/૯,૧૦૧/૧૦,૧૦૧/૧૬,૧૦૧/૨૨,૧૦૧/૨૩,૧૦૧/૨૪, ૧૦૧/૨૫, ૧૦૧/૨૬ ૧૦૧/૨૭, ૧૦૧/૨૯, ૧૦૧/૩૧, ૧૦૧/૩૨, ૧૦૧/૫૨, ૧૦૧/૫૩ , ૧૦૧/૫૪, ૧૦૧/૫૭, ૧૦૧/૭૩, ૧૦૧/૭૪ પૈકી કુલ ૨૫ યુનિટ આવેલા છે તેનું ભેગુ ક્ષેત્રફળ ૨૨૬૭-૯૬-૮૩ ચો.મી.વાળો ખુલ્લો પ્લોટ વાળી જમીન આવેલ છે સદર જમીનમાં બાંધવામાં આવેલ **"MOBILE SQUARE"** એ નામની ઇમારતમાં .... ફલોર **પર આવેલ ફલેટ/દુકાન નં......** જેનું ક્ષેત્રફળ ...... **ચો.ફુટ** બીલ્ટઅપ વાળી મિલકત જેની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

Scanned by CamScanner

પૂર્વે :

પશ્ચિમે:

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરોક્ત વર્ણન, વિગત અને ચતુઃસીમા વચ્ચેની મિલ્કતમાં તેમાં આવવા-જવાના, હવા ઉજાસના, પાણીના નિકાલના સર્વે પ્રકારના લાગતા વળગતા તમામ પ્રકારના હકકો સહની મિલ્કત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનાર પહેલા પક્ષવાળા ને વેચાણ આપી તમારે માલીકી હકકે પ્રત્યક્ષ કબજે સોંપેલી છે. તેનો તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળા મન ફાવે તેમ વાપર ઉપયોગ ઉપભોગ કરો કે કરાવો તેમજ વેચાણ આપેલી મિલ્કત ગીરો, બક્ષીશ કે વેચાણ કરો કે કરાવો તેમાં અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળા તથા અમારા વંશવાલી વારસો કોઇ હેલો, હરકત કરીશું કે કરાવીશું નહી. સદર મિલ્કતનો અગાસીના હકક વેચાણ આપેલ નથી.

૭. સદરહું આ વેચાણ દસ્તાવેજ વાળી મીલકત ફલેટ પધ્ધતી વાળી બિલ્ડીગમાં આવેલી છે અને તેના નીતી નિયમોનું તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ પાલન કરવાનું છે તથા સદરહુ બીલ્ડીગની નીચેની જમીનમા બીલ્ડીગના બધા ફલેટના માલીકોએ સાથે તમો વેચાણ લેનાર

Scanned by CamScanner

પહેલા પક્ષવાળાની કોમન માલીકીની છે. અને તેનો કોઈ જુદો ભાગ પડાવી શકશે નહી. તથા સદરહું **"MOBILE SQUARE"** એ નામની ઈમારતમાં આવેલ બીજા ફ્લેટના ઓનરના માલીકો સાથે કોમન છે. અને તેની નીભાવણી અંગે જે કોઈ ખર્ચ આવે તે બીલ્ડીગ માં આવેલા બીજા ફ્લેટના ઓનરો સાથે તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ સહિયારો ભોગવવાનો છે.

૮. સદર મિલકતના પાર્કીગનો ઉપયોગ બધાએ ભેગા મળીને વાપરવાનો રહેશે. તથા બિલ્ડીગના મેન્ટેન્સ તથા કોમન લાઇટ ખર્ચ, સાફસફાઇ વિગેરે ભેગા મળીને કરવાનો રહેશે. જે બિલ્ડીંગના સભ્યો નક્કી કરીને તે પ્રમાણે દર મહિને પેમેન્ટ કરવાનું રહેશે.સદર બિલ્ડીંગના એલીવેશન માં તેમજ તેના બાંધકામ કે પ્લાન માં કોઇપણ પ્રકારની ફેરફાર કરવાની અધિકાર વેચાણ આપનાર માલિકને રહેશે જેમાં કોઇપણ તકરાર વેચાણ લેનાર પહેલા પક્ષવાળાની ચાલશે નહિ. રોડ ઉપર તથા કોમન પેસેજમાં પાર્કીંગ કરવાનો રહેશે નહિ તથા બિલ્ડીંગનું માર્જીન તથા સોસાયટીના રોડનો ઉપયોગ દરેક બિલ્ડીંગના સભ્યોએ અવરજવર માટે કરવાનો રહેશે. તેમાં કોઇપણ સભ્યોએ પાર્કીંગ કરવાનું નથી કે આવવા જવામાં અડચણ ઉભી થાય તેવુ કોઇ કૃત્ય કરવાનું નથી.

૯. સદર મિલકતમાં લીફટ તથા કોમન લાઇટ મીટર તથા સ્ટેર કેબીન પેસેજ, પાણીની ટાંકી, બોરીંગ, પાણીનું કનેકશન, ફાયર સેફટીની વ્યવસ્થા આપેલ છે.તેની વ્યવસ્થાનો રીન્યુઅલ ખર્ચ, મેન્ટેનન્સ ખર્ચ બિલ્ડીંગના રહીશોએ ભેગા મળીને આપેલ મેન્ટેનન્સ ડીપોઝીટના વ્યાજમાંથી કરવાનો રહેશે. જો તેના કરતા ખર્ચ વધુ હોય તો દરેક સભ્યોએ ભેગા મળીને સરખા ભાગે કાઢીને કરવાનો રહેશે.

૧૦. સદર મિલકતમાં દરેક મટીરીયલ્સ ચેક કરીને તથા પોતાનો ફલેટ /દુકાન ચેક કરીને પઝેશન મેળવવાનું રહેશે. તેમાં તમો આ મિલકતમાં પઝેશન પછી તમામ મેન્ટેનન્સની જવાબદારી તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાની રહેશે તથા તે બાબતે કોઇ કાયદાકીય તકરાર ઉભી કરવાની રહેશે નહિ.

૧૧. સદર વેચાણ દસ્તાવેજવાળી મિલકત અમો લખી લેનાર પહેલા પક્ષવાળાએ સંપુર્ણ તપાસી ચકાસી તેનુ ફલોરીંગ, બારી-બારણાં, પ્લમ્બીંગ વિગેરેની સંપુર્ણ ચકાસણી કરી દસ્તાવેજવાળી મિલકતમાં જે સરસામાનનો ઉપયોગ કરેલો છે તે સારી ગુણવત્તા અને આઇ.એસ.આઇ. માર્કાવાળા છે. ડ્રેનેજ સીસ્ટમ, લાઇટ સીસ્ટમ, લીફટની સંપુર્ણ ચકાસણી કરેલ છે. આમ, અમો વેચાણ લેનાર સદર દસ્તાવેજવાળી મિલકતની યોગ્ય ચકાસણી

Scanned by CamScanner

કરી આજરોજ તેનો કબજો મેળવેલ છે. હવે પછીથી સદર મિલકત બાબતે કોઇપણ તકરાર કે કોઇ કાયદાકીય ગુંચ અમો વેચાણ આપનાર સાથે કરીશું નહિ.

૧૨. સદરહું **"MOBILE SQUARE"** એ નામની ઈમારતમાં જે લીફટ આવેલી છે તે લીફટનો તમો વેચાણ લેનારને ઉપયોગ કરવાનો અધિકાર છે અને તેનો મેન્ટેનન્સ ખર્ચ વિગેર બીલ્ડીગના બીજા ફલેટ ઓનરો સાથે તમારે સહિયારી રીતે ભોગવવાનો છે તેમજ સદરહું **"MOBILE SQUARE"** એ નામની ઈમારતમાં આવેલા ફલેટોના માલીકો ભવિષ્યમાં કોઈ મંડળ કે એસોસીએશન બનાવે તો તેના તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળા એ ફરજીયાત પણે સભાસદ બનવાનુ છે, મંડળ કે એસોસીએશન ને જે કોઈ ફાળે પડતી રકમ આપવાની આવે તો તે તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ આપવાની છે. તથા સદરહું બીલ્ડીગમાં અગાસીમાં પાણીની ટાંકીઓ આવેલી છે તેમજ પાણીની મોટર પણ મુકવામાં આવેલી છે તેનો મેન્ટેનન્સનો ખર્ચ બીલ્ડીગના અન્ય ફલેટના ઓનરો સાથે સહીયારી રીતે તમારે ભોગવવાનો છે.

૧૩. સદર મિલકતમાં કોમન વપરાશ કે કોમન ખર્ચ કે કોમન અન્ય કોઇપણ જાતની તકરાર ઉભી થાય તો તેમાં દરેક બિલ્ડીંગના

Scanned by CamScanner

સભ્યો, પ્રમુખે ભેગા મળીને નિર્ણય લેવાનો રહેશે અને તે નિર્ણયમાં દરેક મેમ્બર્સની સંમતિ રહેશે તેમજ તે અંગેની રજુઆત કરવાની રહેશે નહિ કે કોઇ તકરાર અમો બીજા પક્ષવાળા જોડે કરવી નહિ.

૧૪. સદર મિલકતમાં તમો ફકત વેચાણ રાખેલ છે તે મિલકતના એરિયા પુરતી માલિકીની છે બાકીના એરિયા માટે કોઇપણ જાતની તકરાર ઉભી કરવાની રહેશે નહિ. સદર મિલકતમાં ગમે તે સમયે ડેવલોપર્સ કોઇપણ જાતનો ફેરફાર કરવા માંગે તો તે કરી શકશે. તેમાં કોઇપણ જાતની તકરાર કરવાની રહેશે નહિ.

૧૫. સદરહું મિલકતનો દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન ચાર્જીસ,ડેવલપમેન્ટ ચાર્જ, સર્વિસ ટેક્ષ, વેટ, મેન્ટેનન્સ ડીપોઝીટ, પાણીવેરો,આકારણી,જી.ઇ.બી.મીટર ચાર્જ, દસ્તાવેજ ખર્ચ, એડવોકેટ ફી તથા તમામ પરચુરણ ખર્ચ તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે.

૧૬. મિલકતની તમામ અવેજ પૂર્ણ કર્યા બાદ તથા બિલ્ડીંગનું કામ પૂર્ણ થયા બાદ મિલકતનું પઝેશન મળશે તેમાં કોઇપણ જાતની તકરાર ઉભી કરવાની રહેશે નહિ. તેમછતાં તમોને જો વહેલુ પઝેશન લેવા માંગતા હોય તો અમો પઝેશન આપીએ તો બાકીના કામની કોમન વપરાશના કામની ઉતાવળ કરવાની રહેશે નહિ.

૧૭. સદરહુ વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ આપેલા ફલેટ/દુકાન નો સ્લેબ ભવિષ્યમાં ભાગે તુટે તો ઉપરના ફલેટ વાળા માલીક તથા નીચેના ફલેટ વાળા માલીક સાથે તમો વેચાણ લેનારે સહીયારી રીતેના ખર્ચે રીપેર કરવાનો છે તેમજ સદરહુ **"MOBILE SQUARE"** એ નામના બીલ્ડીગના એલીવેશનમાં કોઈ જાતનો ફેરફાર કરવાનો નથી. તેમજ બીલ્ડીગમાં આવેલ દાદર, પેસેજમાં કોઈને અડચણ થાય તે પ્રમાણે કોઈ માલ સામાન મુકવાનો નથી તથા સદર બિલ્ડીગને નુકશાન થાય તે રીતે તમોને વેચાણ આપેલ ફલેટમાં કોઈ ફેરફાર કરવાનો નથી આમ ઉપરોકત તમામ જણાવેલી શરતો થીઅમો વેચાણ આપનાર બીજા પક્ષવાળાએ કરી આપેલા વેચાણ દસ્તાવેજમા જણાવેલી છે અને આ તમામ શરતોને આધીન રહીને તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાને આ વેચાણ દસ્તાવેજવાળી મિલ્કત આ વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ આપેલી છે.

૧૮.સદર **"MOBILE SQUARE"** ને ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ ૧૯૬૪ લાગુ પડે છે, સદર બીલ્ડીંગ કુદરતી કે માનવસર્જીત કારણોસર જમીનદોસ્ત થાય તો સદર બીલ્ડીંગની ભોંયતળિયાની જમીન પર તમારી મિલકતના માપ જેટલો અધિકાર તમારો રહેશે. જેથી આ બીલ્ડીંગના ભોંયતળિયાની જમીન સદર

Scanned by CamScanner

બીલ્ડીંગના તમામ ફ્લેટ હોલ્ડરોની સહીયારી મિલકત છે અને રહેશે, સદર મિલકત સંબંધી તમામ કાગળો વિગેરે તમોને સોંપેલ છે જે તમોએ સંભાળી લીધા છે.

૧૯. સદરહું વેચાણ દસ્તાવેજ વાળી મિલ્કતના અત્યાર સુધીના સરકારી, અર્ધ સરકારી તથા સ્થાનીક તમામ કચેરીઓના તમામ વેરાઓ જેવા કે કોર્પોરેશન ટેક્ષ, જમીન મહેસુલ, ટી.પી. વિકાસ ફાળો, શિક્ષણ ઉપકર વિગેરે તમામ ભરપાઇ કરી દિધેલા છે અને પાછલા તેવા કોઇ વેરાઓ બાકી પડતા નથી તેમ છતા જો પાછળના તેવા વેરાઓ બાકી પડતા નીકળી આવશે તો તે અમો અમારા ખર્ચે અને જોખમે ભરપાઇ કરી આપીશું અને હવે પછીના તેવા તમામ વેરાઓ વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ ભરપાઇ કરવાના છે.

૨૦. સદરહું વેચાણ દસ્તાવેજવાળી મિલ્કત વેચાણ લેનાર પહેલા પક્ષવાળા સદરહું વેચાણ દસ્તાવેજ આધારે સરકારી, અર્ધ સરકારી, સ્થાનીક કચેરીઓમાં નામે કરાવી લેવા હકકદાર છો અને તે માટે જે જે કાગળો પર તથા ફોર્મ વિગેરે ઉપર અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળા સહીઓ કરી આપવા બંધાયેલા છીએ.

૨૧. સદરહું દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન ચાર્જીસ, એડવોકેટ ફી તથા તમામ પરચુરણ ખર્ચ તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે.

ઉપર મુજબનો અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળાએ આજરોજ રાજીખુશીથી સમજી વિચારીને સંપુર્ણ સભાન અવસ્થામાં કોઈનાપણ કોઈપણ જાતના દબાણને વશ થયા વગર તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાને કરી આપેલ છે જે અમો વેચાણ આપનાર બીજા પક્ષવાળા તથા અમારા વંશવાલી વારસો તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. તાઃ / /૨૦૧૭ વડોદરા

સહી | સાક્ષી

વેચાણ આપનાર બીજા પક્ષવાળા

રીષીરાજ ડેવલોપર્સ એ નામની ભાગીદારી
પેઢીના ભાગીદાર અને વહીવટકર્તા

.... | ૧....................
(દિપક પ્રવિણચંદ્ર અંબાણી)

૨....................

Scanned by CamScanner

મોજે.બાબાજીપુરાના વિભાગ-બી. ટીકા નં.3/3, સીટી સર્વે નં.૧૦૧/૨, ૧૦૧/3,૧૦૧/૪, ૧૦૧/૫, ૧૦૧/૬, ૧૦૧/૭, ૧૦૧/૮, ૧૦૧/૯, ૧૦૧/૧૦, ૧૦૧/૧૬,૧૦૧/૨૨,૧૦૧/૨૩,૧૦૧/૨૪, ૧૦૧/૨૫, ૧૦૧/૨૬ ૧૦૧/૨૭, ૧૦૧/૨૯, ૧૦૧/૩૧, ૧૦૧/૩૨, ૧૦૧/૫૨, ૧૦૧/૫૩ , ૧૦૧/૫૪, ૧૦૧/૫૭, ૧૦૧/૭૩, ૧૦૧/૭૪ પૈકી કુલ ૨૫ યુનિટ વાળી ખુલ્લી પ્લોટ વાળી જમીન આવેલ છે સદર જમીનમાં બાંધવામાં આવેલ **"MOBILE SQUARE"** એ નામની ઇમારતમાં .... ફ્લોર પર આવેલ ફ્લેટ/દુકાન નં...... વાળી મિલકત ના ફોટા નીચે પ્રમાણે છે

<u>લખી લેનાર પહેલા પક્ષવાળા</u>

<u>વેચાણ આપનાર બીજા પક્ષવાળા</u>
શીષીરાજ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર અને વહીવટકર્તા

....
(   )

....
(દિપક પ્રવિણચંદ્ર અંબાણી)

Scanned by CamScanner

<u>રજીસ્ટ્રેશનએક્ટ ૧૯૦૮ ની કલમ ૩૨ એ અન્વયેનું શીડયુલ</u>

<u>લખી લેનાર પહેલા પક્ષવાળા</u> <u>ફોટો</u> <u>ડા હા ના અં ની છાપ</u>

....
( )

<u>લખી આપનાર</u> <u>બીજાપક્ષવાળા</u>

રીષીરાજ ડેવલોપર્સ એ નામની ભાગીદારી
પેઢીના ભાગીદાર અને વહીવટકર્તા

....
(દિપક પ્રવિણચંદ્ર અંબાણી)

Scanned by CamScanner